**Durgesh V. Buch**
President

**Natubhai Patel**
Sr. Vice President

**Bhargav Thakkar**
Vice President

**Sanjeev Chhajer**
Secretary

**Dilip M. Padhya**
Secretary (R)

**Pathik S. Patwari**
Treasurer

**૧૯ મે, ૨૦૨૦** /3064

**શ્રી પ્રદિપસિંહજી જાડેજા**
*માનનીય મંત્રીશ્રી*
ગૃહ અને ન્યાય વિભાગ
ત્રીજો માળ, સ્વર્ણિમ સંકુલ-૨, નવા સચિવાલય
ગાંધીનગર-૩૮૦૦૧૦.

**વિષયઃ લૉકડાઉન ૪.૦ અંગેની અમુક સ્પષ્ટતાઓ કરવા બાબત.**
**સંદર્ભઃ ગૃહ વિભાગ નું જાહેરનામુ તા. ૧૮-૫-૨૦૨૦ ક્રમાંકઃ જીજી/ ૨૭/ ૨૦૨૦/ વિ ૧./ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨**

**માનનીય મંત્રીશ્રી,**

આપની કુશળતા ઇચ્છુ છું !

આપના દ્વારા ઉપરોક્ત જાહેરનામાથી કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારોમાં વિવિધ આર્થિક ગતિવિધિઓને કાર્યરત કરવા અંગેની છુટછાટો આપવામાં આવી છે જેને અમે આવકારીએ છીએ. આ જાહેરનામા અંગે નીચે મુજબના પ્રશ્નો અંગે વેપાર-ઉદ્યોગમાં મુંઝવણ પ્રવર્તે છે તેથી નીચે મુજબના મુદ્દાઓ ઉપર સ્પષ્ટતા કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

૧. ઉપરોક્ત જાહેરનામામાં જણાવ્યા મુજબ નાના માર્કેટોમાં દુકાનો Odd-Even નંબર પ્રમાણે Odd-Even તારીખ પર ખોલવાનું રહેશે. જેના માટે Odd-Even પ્રોપર્ટી નંબર પ્રમાણે નક્કી કરવા જણાવ્યુ છે. પરંતુ આ પ્રોપર્ટી નંબર બિલ્ડીંગ એસોસીયેશન દ્વારા એલોટ કરાયેલ નંબર કે પછી કોર્પોરેશન બીલ પ્રમાણેનો નંબર ગણવાનો થાય છે તેની સ્પષ્ટતા નથી જેના કારણે ખુબજ ગેરસમજ થશે. તેથી આ દુકાનો માટે Odd-Even નક્કી કરવા અંગેની SOP/ માર્ગદર્શિકા આપવા વિનંતી છે.
૨. આંતર જીલ્લા (Inter-District) અવર-જવર અંગેની સ્પષ્ટતા કરતી SOP/ માર્ગદર્શિકા જાહેર કરવા વિનંતી છે જેથી વેપાર-ઉદ્યોગના ઉદ્દેશથી અવર-જવરમાં મુશ્કેલી ન પડે.
૩. કોઇ કર્મચારી કાર્યસ્થળ પર આવતો હોય તે પછી જાણ કર્યા વગર રજા ઉપર ઉતરે અને પાંચ-સાત દિવસમાં જાણ થાય કે તેને COVID-19 પોઝીટીવ છે તો તેવા સંજોગોમાં વેપાર-ઉદ્યોગે શું પગલા લેવા તે અંગે SOP/ માર્ગદર્શિકા જાહેર કરવા વિનંતી છે.
૪. ગુજરાતના વિવિધ જીલ્લાઓના કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે પરંતુ આ કન્ટેનમેન્ટ ઝોનની પાસેના વિસ્તારો અંગે ઘણી મુંઝવણ છે. તેથી જીલ્લાવાર કન્ટેનમેન્ટ ઝોન ના મેપ સાથેની માર્ગદર્શિકા બહાર પાડવાની વિનંતી છે જેથી કન્ટેનમેન્ટ ઝોનમાં કયો વિસ્તાર આવે છે તે અંગે કોઇ પણ પ્રકારની ગેરસમજ કે મુંઝવણ રહે નહીં.

ઉપરોક્ત બાબતો અંગે તાત્કાલિક ધોરણે માર્ગદર્શિકા બહાર પાડી યોગ્ય સ્પષ્ટતા કરવા અમારી આપશ્રીને નમ્ર વિનંતી છે.

આભાર સહ,
**આપનો વિશ્વાસુ,**

**દુર્ગેશ બુચ**
*પ્રમુખ*

**નકલ રવાના :**
શ્રીમતી સંગીતા સિંહ, **IAS**, અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ, ગુજરાત રાજ્ય